# અંબાજીમા બનેલા આઠ નંબરના રોડની પોલ ખુલી

અંબાજી, તા. ૧૬

અંબાજીના હિલટોપથી આઠ નંબર સુધીના વિસ્તારમાં રોડ બનાવવાની કામગીરી અને ગટર નું કામ હાલ ચાલી રહ્યુ છે. આ રોડ એટીવીટી અને ૧૪મા નાણાપંચમાથી ફાળવવામાં આવ્યો છે. આ વિસ્તારના લોકોનું કહેવું છે કે આ રોડની કામગીરી એકદમ હલકી કક્ષાનું થઈ રહ્યુ છે અને આવા કોન્ટ્રાક્ટરોને જયારે અમે પુછવા જઈયે તો કહે છે જેટલા રૂપિયા પાસ થયા તેવો રોડ બનશે. આમ આ વિસ્તારના લોકો ભેગા થઈ અંબાજી ગ્રામ પંચાયત કચેરી આવી આ રોડના પ્લાન એસ્ટીમેટ મેળવતા તેના અભ્યાસ પરથી માલુમ પડયું. એ જે રોડ હાલ ૮ નંબરમા બનવા જઈ રહ્યો છે તેનુ કામ એકદમ બોગસ છે આથી રોષે ભરાયેલા ગ્રામજનોએ અંબાજી ગ્રામ પંચાયત સેક્રેટરીને ઉગ્ર રજુઆત કરતા બે દિવસ આ રોડનું કામ બંધ રહેવા પામ્યુ હતુ. અંબાજીના સૌથી મોટા વિસ્તાર આઠ નંબરના રોડનો વિવાદ વધતા અને આ મામલો વધુ ના વધે એટલે તાબડતોડ દાંતા તાલુકા પંચાયતના ઓવરસીયર અને બીજા અધિકારીઓ તાત્કાલીક સ્થળ ઉપર આવી રોડ નિરીક્ષણ કર્યુ હતુ. ત્યારબાદ આ વિસ્તારના લોકોની મુલાકાત લઈ તેમની રજુઆતો સાંભળી હતી પણ નાગરીકોની ઉગ્ર રજુઆત સાંભળી આ અધિકારીઓએ અંબાજી ગ્રામ પંચાયતને કડક સૂચના આપી રોડમા પાથરવામાં આવેલ મટેરીયલની તપાસ કરો તેમ દાંતા ઓવરસીયર અને અન્ય અધિકારીઓ રોડની સ્થળ મુલાકાત બાદ જણાવ્યુ હતુ.

ગુજરાતના જગવિખ્યાત યાત્રાધામ અંબાજીની ગણના દેશભરના મોટા શક્તિપીઠમા થાય છે ત્યારે આ ધામમા હકીકત વસ્તુ તદ્દન વિપરીત જોવા મળે છે. આ ધામમા એકતા અને સંગઠન ન હોવાના કારણે સરકારી વહીવટીતંત્ર અને ભ્રષ્ટ લોકો આ બાબતનો ફાયદો ઉઠાવી રહ્યા છે. અંબાજી ધામમા આવતી મોટા ભાગની યોજનાઓંમાં ભયંકર ભ્રષ્ટાચાર જોવા મળી રહ્યો છે અને તેની તપાસ થતી નથી કારણકે અંબાજીના જાગૃત લોકો આ બાબતે આંદોલન કે અસરકારક ફરીયાદ કરતા નથી. વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમા લોકો થોડા સમય માટે ઉગ્ર બની રજૂઆત કરે છે પણ ત્યારબાદ તેવો આ બાબતે શાંત થઈ જતા આવા બોગસ કામો કરવાવાળા નફ્ફટ લોકોને ફાવતુ મળી જાય છે.



આવો જ એક રોડ બેદરકારીનો કિસ્સો સામે આવતા ખળભળાટ મચી જવા પામી છે. સુનીલ બ્રહ્મભટ્ટ જેવા અંબાજીનું ગૌરવ ગણાતા નેતાઓ જો અંબાજીમા ના હોય તો ભ્રષ્ટ અધિકારીઓ અંબાજીને વેચી મારે. અંબાજીમા જયારે જયારે સમસ્યાઓ આવે છે ત્યારે સુનીલ બ્રહ્મભટ્ટ તાત્કાલીક દોડી આવી દરેક તકલીફોમાં સાથ આપે છે. અંબાજીના ૮ નંબર ના લોકોએ જણાવ્યું હતું કે અમારા હાલના સભ્યની કામગીરી સારી નથી અમારી સૌથી મોટી ભૂલ કે અમે તેમને સાથ ના આપ્યો. હવે આવનારી ચૂંટણીમા સુનીલ બ્રહ્મભટ્ટને કોઈ કાળે હરાવી શકાશે નહિ.

## અંબાજી ઉત્તર રેન્જમાં બીડ કાર્ડ ની બદલી કરાઈ

ગુજરાતના મહાન શક્તિ પીઠ અને ગુજરાતનું ગૌરવ કહેવાતા મા અંબાના ધામમાં માં અંબા નું પ્રાચીન મંદિર આવ્યું છે આ મંદિરની પાછળ જીએમડીસી રોડ ઉપર અંબાજી ઉત્તર રેન્જ ની વનવિભાગની ઓફિસ આવેલી છે , આ ઉત્તર રેન્જ ગબ્બર પાછળના વિસ્તારમાં કામકાજ કરે છે સિમ્બોલ પાણી થી બેડા પાણી ગામ વચ્ચે ૩૩ લાખના ખર્ચે પ્રોટેક્શન દીવાલ બનાવાય છે જેમાં હલકી કક્ષાનો બોગસ કામ થયું છે , સિમ્પલ પાણીના અને બેડા પાણીના લોકો દ્વારા આ પ્રોડક્શન દીવાના કમ્પાઉન્ડની ફરિયાદ ઉચ્ચ લેવલ સુધી કરવામાં આવે છે ત્યારે આ કૌભાંડ ખુલ્લું ના થઈ જાય અને આ કૌભાંડ ને ભીનું સંકેલવા માટે આજે વન વિભાગ તરફથી ચાર બીટગાર્ડને બદલી કરવામાં આવી હતી, આ બીટગાર્ડને બદલી નું લિસ્ટ આ સાથે સામેલ છે.

## મોડાસા રૂરલ પોલીસે લકઝુરિયસ ફોર્ચ્યુનર કારમાંથી દારૂ સાથે વિજાપુરના બુટલેગરને દબોચ્યો

મોડાસા, તા. ૧૬

ગુજરાતમાં દારૂબંધીનો ફાયદો ઉઠાવવા રાજ્યના બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા બુટલેગરો રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં વિદેશી દારૂના ઠેકાઓ ચલાવનાર અને બુટલેગરો સાથે મળી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ઠાલવી રહ્યા છે.

ફોર્ચ્યુનર કારનો ઉપયોગ રાજકીય અગ્રણીઓ, તબીબો, મોટા ધંધાર્થીઓ ઉપયોગમાં લેતા હોવાથી વિજાપુરના જુના સંઘપુરના સજ્જનસિંહ લાલસિંહ રાઠોડ નામના બુટલેગરે પોલીસની આંખોમાં ધૂળ નાખવા રાજસ્થાનમાંથી ફોર્ચ્યુનર કારમાં વિદેશી દારૂ ઘુસાડવા જતા બાતમીના આધારે મોડાસા રૂરલ પોલીસે રાજેન્દ્રનગર ચોકડી નજીકથી ૩૦ હજારના વિદેશી દારૂ સાથે ઝડપી પાડી નિષ્ફળ બનાવ્યો હતો.




મોડાસા રૂરલ પોલીસે હિંમતનગર-શામળાજી હાઈવે પર આવેલી રાજેન્દ્રનગર ચોકડી નજીક નાકાબંધી કરી વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરાતા રૂરલ પીએસઆઈ શર્માને બાતમી મળતા બાતમી આધારિત શામળાજી તરફથી આવતી ફોર્ચ્યુનરકાર (ગાડી. નં-જીજે.૦૯.બીઈ.૦૭૬૯) ને અટકાવી કારમાંથી ક્વાંટરીયા-બિયર નંગ-૨૬૪ કીં. રૂ.૩૦૦૦૦નો વિદેશી દારૂ જપ્ત કરી સજ્જનસિંહ લાલસિંહ રાઠોડ (રહે,જુના સંઘપુર,મહેસાણા)ની ધરપકડ કરી આરોપી પાસેથી જપ્ત કરેલ મોબાઈલ નંગ-૧ કીં. રૂ.૪૫૦૦ તથા ફોર્ચ્યુનર કારની કીં. રૂ.૧૦૦૦૦૦૦ મળી કુલ રૂ.૧૦૩૪૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બુટલેગરને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## જીઈબી ધિરાણ મંડળી ડીસાની સાધારણ સભા યોજાઈ

ડીસા, તા. ૧૬

આજે શુભમપાર્ટી ખાતે જીઈબી કર્મચારી ધિરાણ મંડળીની સાધારણ સભા યોજાઈ હતી. આ સાધારણ સભામાં કર્મચારીઓના ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં સફળતા મેળવનાર બાળકોને 'વિદ્યા એવોર્ડ'થી સન્માનિત કરાયા હતા અને નિવૃત્તિ સાથીઓને પણ સન્માનિત કરાયા હતા. મંડળીના પ્રમુખના અધ્યક્ષસ્થાને મળેલી સાધારણ સભામા મુખ્ય મહેમાન સ્થાને વિ.પી. પરમાર (અધિક્ષક ઈજનેર પાલનપુર) ઉપપ્રમુખ ભરતભાઈ શર્મા, મહામંત્રી મહેન્દ્રભાઈ સુઢીયાની સાથે કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમ સફળ બનાવવામાં ભારે જહેમત ઉઠાવી હતી. વાય.એ. ઘોરી અને શૈલેષભાઈ સીસોદીયાએ કાર્યક્રમનુ સુંદર સંચાલન કર્યું હતુ.

## મેઘરજના પંચાલ ગામે દર્દનાક ઘટના : મકાનમાં આગ લાગતા બે વૃધ્ધા જીવતી ભૂંજાઈ

મેઘરજ, તા. ૧૬

ઉનાળો શરૂ થયા બાદ રાજ્યમાં આગની અનેક



ઘટનાઓ સામે આવી જેમાં સુરત ટ્યૂશન ક્લાસીસમાં લાગેલી ઘટનાએ તો રાજ્ય સહિત પૂરા વિશ્વમાં હાહાકાર મચાવ્યો. આવી જ વધુ એક દર્દનાક, રૂવાંટા ઉભા કરી દે તેવી ઘટના અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના પંચાલ ગામમાં બની હતી. જેમાં એક મકાનમાં અગમ્ય કારણોસર આગ લાગતા મકાનમાં રહેલી બે વૃધ્ધા મહિલાઓ જીવતી ભૂંજાઈ જતા અરેરાટી ફેલાઈ હતી. આગમાં તમામ ઘરવખરી પણ બળીને ખાખ થઈ ગઈ હતી. બે આદિવાસી વૃદ્ધ મહિલાઓ





મકાનમાં લાગેલી આગમાં લપેટાઈ મોત નિપજતા આદિવાસી સમાજ અને સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી હતી લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર મેઘરજ તાલુકાના પંચાલ ગામમાં શનિવારે સાંજના સુમારે એક કાચા મકાનમાં અગમ્ય કારણોસર આગ લાગતા અને આગે તુરંત જ વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધી. આગ લાગી તે સમયે મકાનમાં મેઘરજ પંચાલ ગામે મકાનમાં આગ લાગતા મરણ જનાર મહિલા બંને વૃદ્ધ મહિલાઓ સગી બહેન હતી ખાત્રીબેન થાનાભાઈ કલાસાવા (ઉં.વર્ષ-૭૫) અને ગુલાબબેન થાનાભાઈ કલાસાવા (ઉં.વર્ષ-૭૦) બે સગી વૃદ્ધ આદિવાસી મહિલાઓ હતી. બંને વૃદ્ધ મહિલાઓના આગમાં બળી જવાથી કરૂણ મોત નિપજ્યા હતા. આગની ઘટનાને પગલે દોડી આવેલા ગ્રામજનો મકાનમાં લાગેલી વિકરાળ આગને કાબુમાં લેવા પાણીનો મારો ચલાવ્યો હતો તેમ છતાં આગ કાબુમાં ન આવતા મકાનમાં રહેલી બે વૃદ્ધ મહિલાઓને બચાવવામાં નિસહાય બની રહેતા લાચારી અનુભવી હતી. પંચાલ ગામે આગ લાગતા મોડાસા નગરપાલિકાની ફાયરબ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવતા આગ પ્રસરતા અટકતા વધુ જાનહાની અને નુકશાની અટકી હતી.

## મોડાસામાં કૃષિ મહોત્સવનો પ્રારંભ

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કૃષિ મહોત્સવું આયોજન કરાયું હતું, જેમાં કેબિનેટ મંત્રી સૌરભ પટલે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સરકાર દ્વારા ખેડૂતોને આધુનિક કૃષિલક્ષી માહિતી મળી રહે તે હેતુસર સમગ્ર રાજ્યમાં કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. પ્રાસંગિક ઉદબોધનમાં તેમણે જણાવ્યું હતુ કે, કૃષિ ક્ષેત્રે ગુજરાત એ હરણફાળ ભરી છે. ગત વર્ષે સો જેટલા સબ સ્ટેશન નવા બનાવવામાં આવ્યા હતા જ્યારે આ વર્ષે એકસો ચાળીસ જેટલા બનાવાનો લક્યાંક છે. જેમાં ચાળીસ સબ સ્ટેશન આદિવાસી વિસ્તારમાં બનવવાની વાત કરી છે. તેમણે એમ પણ જણાવ્યું કે, અરવલ્લી જિલ્લામાં ગત વર્ષે છ સબ સ્ટેશન બનવામાં આવ્યા છે. ઉર્જા મંત્રીએ પાણી બચાવવાની વાત કરતાં કહ્યું કે, કેન્દ્ર સરકારે નદીઓ જોડવાની વાત કરી છે, જેનાથી ખેડૂતોને લાભ થશે, તો ખેડૂતોને ડ્રીપ પદ્ધતિથી ખેતી કરવા અનુરોધ કર્યો હતો. જેનાથી ખેડૂતોને ઓછા ખર્ચે, ઓછા પાણીએ સારૂ ઉત્પાદન મળવાની વાત કરી હતી. કૃષિ મહોત્સવમાં ખેડૂતો માટે સેમિનારનું પણ આયોજન કરાયું છે. વિવિધ ચાળીસ જેટલા સ્ટોલ શરૂ કરાયા છે, જેમાં ખેડૂતોને ખેતી વિષયક જાણાકારી પણ આપવામાં આવી રહી છે. આ પ્રસંગે જિલ્લા કલેકટર એમ. નાગરાજન, ડીડીઓ હર્ષિત ગોસાવી સહિતના અધિકારીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વડગામ કૃષિ મહોત્સવમાં અધિકારીઓ પદાધિકારીઓ પેટભરી જમ્યા : ખેડૂતો જમ્યા વગર રહ્યા

### કેટલાક ખેડૂતોએ જિલ્લા પંચાયત સદસ્યને આ બાબતે રજૂઆત કરી

વડગામ તાલુકા મથકે આવેલા માર્કેટયાર્ડ ખાતે કૃષિ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વડગામ પંથકમાંથી મોટી સંખ્યામાં ખેડૂતો, પદાધિકારીઓ અને સરકારી તંત્રના જવાબદાર કર્મચારીઓ અને અધિકારીઓ ખાસ હાજર રહ્યા હતા. કૃષિ મહોત્સવ પત્યા બાદ જમવા માટે પડાપડી થતાં વડગામ કૃષિ મહોત્સવમાં આવેલા કેટલાક ખેડૂતો જમ્યા વગર




ઘરે રવાના થઈ ગયા હતા. જમવાની અવ્યવસ્થાના કારણે ઉપસ્થિત કેટલાક ખેડૂતોએ જિલ્લા પંચાયતના સદસ્ય અશ્વિન સક્સેનાને રજુઆત કરતાં જિલ્લા પંચાયત સદસ્ય જમવાના સ્થળે દોડી જઈને જમવાની અવ્યવસ્થાને થાળે પાડવા ભારે મથામણ કરી હતી. ત્યારે ઉપસ્થિત ખેડૂતોમાં એકજ ચર્ચા સાંભળવા મળી હતી કે સરકારના કૃષિ મહોત્સવમાં અધિકારીઓ અને પદાધિકારીઓ માટે વી.વીઆઈ.પી જમવા માટેની વ્યવસ્થા કરાય છે જ્યારે જેના માટેના આ મહોત્સવનું આયોજન કરાયું છે તે ખેડૂતોને જમવા માટે અવ્યવસ્થા સર્જાય તે આયોજકો માટે સરમજનક બાબત કહેવાય. આયોજકો માત્ર ખેડૂતો અને લોકોની ભીડ ભેગી કરીને સરકારી કાર્યક્રમને તાયફારુપ બનાવી રહ્યા છે. સરકારનો મુખ્ય ઉદેશ લોકો સુધી પહોંચી શકતો નથી. સરકારી બાબુઓ અને પદાધિકારીઓની જુગલ જોડીઓ મળી જઈને સરકાર દ્વારા લોકોના હીત માટે કરાતાં સરકારી કાર્યક્રમમોને પણ તાયફારુપ બનાવી રહ્યા છે. ત્યારે સત્તાધીશ સરકાર આ બાબતને ગંભીરતાથી લઈને કસુરવાર સરકારી બાબુઓ અને પદાધિકારીઓ સામે દંડાત્મક કાર્યવાહી કરીને સરકારને બદનામ થતી અટકાવવાય તેવી લોકલાગણી ઉભી થઈ છે.

### જિલ્લા પંચાયત સદસ્ય શું કહે છ

આ બાબતે જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેનાને ટેલીફોનીક પુછપરછ કરતાં જણાવ્યું હતું કે જમવા માટે એક સાથે લોકો આવી પહોંચતાં એકજ કાઉન્ટર હોવાથી થોડીવાર માટે અવ્યવસ્થા સર્જાઈ હતી પરંતુ મને જાણ થતાં જ હું જઈને વ્યવસ્થા કરાવી હતી અને જમવાનું ઉપરથી વધ્યું હતું.

### વડગામના કૃષિ મહોત્સવમાં કોણ હાજર રહ્યું

રવિવારના વડગામ કૃષિ મહોત્સવમાં જિલ્લા સમાહર્તા, જિલ્લા વિકાસ અધિકારી, વડગામ મામલતદાર આર.સી. ઠાકોર, ટીડીઓ એ.એમ. પરમાર તેમજ તાલુકા અને જિલ્લાના ખેતીવાડી અધિકારીઓ, જીઆઈડીસીના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, વડગામ માર્કેટયાર્ડના ચેરમેન કેશરભાઈ ચૌધરી, જિલ્લા પંચાયત સદસ્ય અશ્વિન સક્સેના, વડગામ સરપંચ એસોસિયેશનના પ્રમુખ ભગવાનસિંહ સોલંકી સહિત તાલુકા ભાજપના પદાધિકારીઓ સાથે તાલુકાભરના ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વરસાદની દહેશત વચ્ચે બાજરીનો પાક ઝડપભેર લેવાની ખેડૂતોની મથામણ

ડીસા, તા. ૧૬

બનાસકાંઠા જિલ્લાના ગ્રામિણ વિસ્તારોમાં આજે પણ બાજરીના રોટલાનું ચલણ છે



તેથી ઉનાળુ સીઝનમાં ખેડૂતો બાજરીના પાકનું અચૂક વાવેતર કરે છે. જો કે પાડોશી રાજ્ય રાજસ્થાનમાં પણ બાજરીની વધુ માંગ રહે છે તો આરબના દેશોમાં બાજરીની નિકાસ થાય છે તે ખાદ્યાન્ન પાક બાજરીનો ભાવ પ્રથમવાર ગત વર્ષે ૪૫૦ને પાર કરી ગયો હતો અને જિલ્લામાં ખેતીને સમાંતર વિકસેલા પશુપાલનને કારણે બાજરીના પુલ પણ ઊંચા ભાવે વેચાય છે તેથી આ વર્ષે ખેડૂતોએ ઉનાળુ સીઝનમાં બાજરીનું મોટાપાયે વાવેતર કર્યું છે. સદનસીબે બાજરીના પાકને અનુકુળ કાતિલ ગરમી પડતા બમ્પર ઉત્પાદનની આશા બંધાઈ છે અને હવે પાક તૈયાર થઈ જતા છેલ્લા પંદરેક દિવસથી ખેડૂતો બાજરી લેવા લાગ્યા છે.

કાળઝાળ ગરમી અને મજૂરોની અછત વચ્ચે ખેતરોમાં બાજરી લેવાની મોસમ ખીલી ઉઠી છે પરંતુ વરસાદની દહેશતથી ખેડૂતોના જીવ પડીકે બંધાયા છે તેથી થ્રેસરો મારફત રાત દિવસ બાજરી લેવાની કામગીરી ચાલી રહી છે જેના કારણે થ્રેસરોના ભાવ રાતોરાત વધી ગયા છે.

## બનાસ ડેરીનું ટર્નઓવર વધીને ૯૮૦૮ કરોડ પહોંચ્યુ

### ડેરીનું કાર્યક્ષેત્ર વધતા પશુપાલકોના નિશ્ચિત ઉજ્જવળ ભવિષ્યના મજબૂત પાયાનું થયું નિર્માણ

પાલનપુર, તા. ૧૬

એશિયાની સૌથી મોટી ડેરી અને ભારતનું ગૌરવ એવી બનાસ ડેરીની ૫૧મી વાર્ષિક સાધારણ સભા ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને મળી હતી. ડેરીએ ૨૦૧૮-૧૯ના નાણાકીય વર્ષમાં ૫૭.૮૯ લાખ લીટરનું દૂધ સંપાદન તેમજ ૯૮૦૮ કરોડનું ટર્નઓવર કરીને તેની વિકાસકૂચને આગળ વધારી હતી.

ડેરીના વિકાસની રૂપરેખા આપતાં ડેરીના ચેરમેન શંકરભાઈએ જણાવ્યું હતુ કે પાછલું વર્ષ પડકારોથી ભરેલું હતુ વૈશ્વિકકક્ષાએ પાઉડરના ભાવમાં ઘટાડો અને સ્થાનિક કક્ષાએ વરસાદની અછત, આમ પશુપાલન ક્ષેત્રા બે તરફના પડકારને જીલી રહ્યું હતુ. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે આ પડકારોની વચ્ચે પણ આપણે પશુપાલકોને ગયા વર્ષ જેટલા જ ભાવ ચુકવવાની સાથે સાથે કુલ વાર્ષિક ટર્નઓવર વધાર્યુ છે, એટલું જ નહીં ગુજરાત બહાર છેલ્લા ચાર વર્ષના લાંબાગાળાના આયોજનના ભાગરૂપે નિર્મિત



નવા ૩ ડેરી પ્લાન્ટ, ૪ પેકેજીંગ પ્લાન્ટ, ૧૫ ચીલીંગ સ્ટેશનને કાર્યરત કરી શક્યા છીએ. ડેરી સંબંધિત સાહસોની સાથે સાથે બાદરપૂરા ઓઈલ મીલ પ્લાન્ટ અને ઊંઈ પ્લાન્ટ કાર્યરત થયા છે, બનાસ મેડીકલ કોલેજમાં વિદ્યાર્થીઓએ તબીબી શિક્ષણ લેવાનું શરૂ કરી દીધુ છે તેના નવા ભવનનું કામ પણ ખૂબ તેજ ગતિએ ચાલી રહ્યું હોવાનું ચેરમેનશ્રીએ જણાવ્યું હતુ.

ટેકનોલોજીકલ એડવાન્સ એવી બનાસ ડેરીએ મંડળીથી લઈને સંઘ સુધી પ્રત્યેક સ્તર પર તેનો મહત્તમ ઉપયોગ કર્યો હોવાથી પાર્દર્શકતા વધવાની સાથે સાથે પૈસા અને સમયની બચત થતા પલાન્ટની ક્ષમતામાં વધારો કર્યા સિવાય તેનો મહત્તમ ઉપયોગ થતાં તેનો અંતિમ લાભ પશુપાલકો સુધી પહોંચાડી શકાયો હોવાનો સંતોષ શંકરભાઈ ચૌધરીએ અહીં વ્યક્ત કર્યો હતો. વધુમાં ડેરીના સંચાલન વ્યવસ્થાની સક્રિય વ્યવસ્થાઓના કારણે બનાસ ડેરીએ વિવિધ યોજનાઓ અનવયે પશુપાલકોને ૧૦૯.૪૮ કરોડની સબસીડી ચુકવી હોવાની બાબતથી પણ આ બેઠકમાં હાજર સૌ કોઈને અવગત કર્યા હતા.

ચેરમેને વધુમાં ડેરી ઉપરાંત બનાસકાંઠાના ભવિષ્યની ચિંતા કરી સામાજીક સરોકારના કેટલાક મુદ્દાઓ પર સામાજીક આગેવાનો અને જીલ્લાના નાગરિકો પોતાનું યોગદાન આપે તેવી અપીલ કરી હતી. જીલ્લામાં વધુને વધુ વૃક્ષારોપણ થાય, જળસંચયની કામગીરી થાય તથા શિક્ષણને વધુ પ્રાધાન્ય આપવામાં આવે તે માટેની લાગણીસભર વિનંતી ચેરમેન શંકરભાઈ ચૌધરીએ સૌને કરી હતી.

જે બાબતની સૌથી વધુ ઉત્કંઠતા પશુપાલકોની મધ્યે હતી તેવા વર્ષના અંતે ડેરી દ્વારા ભાવની જાહેરાત ચેરમેને કરતાં પશુપાલકોમાં ખુશી અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતુ. તેમણે પશુપાલાકોને ૧૧.૧૦ % લેખે ૬૬૭.૭૧ કરોડનો ભાવફેર ચૂકવવાની ઐતિહાસિક જાહેરાત કરી હતી.